# જિલ્લાના રાજકીય જંગનું રહસ્ય ચરમસીમાએ

**ભાજપે બે ઉમેદવાર જાહેર કર્યા તો કોંગ્રેસનું ભેદી મૌન : ભાજપના ઉમેદવારો સમૂહમાં પદયાત્રા કરી ફોર્મ ભરવા જશે : ડેમેજ કંટ્રોલ માટે બન્ને પક્ષના નેતાઓની કવાયત**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોને લઈ આજે રાત્રે ૮.૧૫ મિનિટ સુધી તેમના કાર્ડ છાતી સરખા પ્રદેશ નેતાઓએ રાખતાં જિલ્લામાં ભારે રાજકીય સસ્પેન્શ ઉભા થવા પામ્યો છે.

બન્ને પક્ષના કાર્યકરો શું થયું ? કંઈ ખબર પડી ? કોણ ફાયનલ થયું ? જેવા પ્રશ્નાર્થો સાથે હવે શું થશે તેના ઈંતજારમાં ખોવાઈ જતો દેખાતો હતો.

બન્ને પક્ષમાંથી કોઈ પણ સંભવિત ઉમેદવારોને પણ ફોન મળ્યા નથી. જો કે બધા જ સંભવિતોએ તેમની રીતે તૈયારીઓમાં આખો દિવસ પસાર કર્યો હતો પરંતુ કોઈ મગનું નામ મરી પાડવા તૈયાર નથી.

જો કે સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાર્દિક અને અલ્પેશ બન્નેએ કોંગ્રેસની નેતાગીરી પર દબાણ બનાવ્યુ છે અને એટલે જ ઉમેદવારોની યાદી જાહેર થવામાં વિલંબ થઈ રહ્યો છે.





ભાજપમાં પણ ઉમેદવારની પસંદગીને લઈ ભારે ખેંચતાણ જણાઈ રહી છે. જિલ્લાની પાંચ બેઠક પૈકી બે બેઠક પરના ઉમેદવાર જાહેર થઈ ગયા છે તેઓ પણ આજે તેમના ઉમેદવારી પત્રક ભરશે.

બન્ને પક્ષોએ ડેમેજ કંટ્રોલ માટે પ્રદેશ નેતાઓને પણ મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. ભાજપના આગેવાનોએ તો આજે શહેરમાં આવી કાર્યકરોને મળવાનું પણ શરૂ કરી દીધુ છે.

મોડી રાત્રે બન્ને પક્ષો નામ જાહેર કરે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

## ગાંધીનગર ઉત્તર બેઠકના ભાજપના ઉમેદવાર આજે વિજયમુહુર્તમાં ફોર્મ ભરશે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો રવિવારે રાત સુધી ઉમેદવારોની યાદી આખરી થઈ નથી. જયારે સોમવારે ફોર્મ ભરવાનો આખરી દિવસ હોવાથી અપેક્ષિત ઉમેદવારોમાં રવિવારે દિવસ દરમિયાન સતત ચિંતાના વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. ટીકીટના મામલે શુ થયુ ? સાથે દાવેદારોના સેલ ફોન સતત રણકતા રહયા હતા. જો કે રવિવારે મોડી સાંજ સુધી કોઇ નામ આખરી થયા ન હતા. જેમાં ખાસ કરીને ગાંધીનગર ઉત્તરની બેઠક માટે ચર્ચા અને અનેક નામોની અટકળોનો રવિવારે મોડી સાંજ સુધી અંત આવ્યો ન હતો. જો કે સોમવારે ઉમેદવારી પત્ર ભરવાના આખરી દિવસ હોવાથી જે પણ ઉમેદવારને પાર્ટી મેન્ડેટ આપે તેને ફોર્મ ભરવાનુ રહેશે જેને અનુલક્ષી ભાજપ દ્વારા સે-૧૬ ખાતે ચુંટણીનુ મધ્યસ્થ કાર્યાલય શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગર ઉત્તરની બેઠક માટે ભાજપનુ કાર્યાલય શરૂ કરાશે. સોમવારે ઉત્તરની બેઠકના ઉમેદવાર બેન્ડબાજાની સુરાવલી વચ્ચે ઘોડે સવાર થઈ ઠાઠમાઠ સાથે બપોરે ૧૨ : ૩૯ કલાકના વિજય મુહુર્તમાં ફોર્મ ભરશે. સવારે ૧૧ વાગ્યાથી કાર્યકરો તેમજ પક્ષના નેતાઓ અને હોદેદારોની ઉપસ્થિતિમાં ભાજપના ઉમેદવાર ફોર્મ ભરશે. ભાજપના ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનુ પણ ઉદઘાટન કરવામાં આવશે.

# આજે મોદીની રાજ્યમાં જાહેર સભાઓ

**મોદી કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઝંઝાવતી પ્રચાર કરશે : નરેન્દ્ર મોદી પ્રચારમાં આજે કયા મુદ્દા ઉઠાવશે તેને લઇ કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોની નજર**

અમદાવાદ, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને આવતીકાલે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીના કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાજપના પ્રદેશ મિડિયા સેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી આવતીકાલે ગુજરાતના ચૂંટણી પ્રચાર્થે આવશે. એક દિવસના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન મોદી કચ્છમાં ભુજ ખાતે, સૌરાષ્ટ્રમાં જસદણ ખાતે, ધારીમાં અને દક્ષિણ ગુજરાતના કડોદરા (સુરત)માં જાહેર સભા કરનાર છે. પ્રથમ તબક્કાની ૮૯ સીટ માટે પ્રચારનો પવનવેગી પ્રચારનો પ્રારંભ કરશે. મોદીના આક્રમક ચૂંટણી પ્રચાર ઉપર હવે તમામ રાજકીય પક્ષોની પણ નજર રહેશે. મોદી પોતાનો કરિશ્મો બતાવવા માટે ફરી એકવાર તૈયાર છે. મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે. એટલે કે, ત્યાંથી પણ સ્થાનિક લોકો, ગ્રામજનો અને ભાજપના કાર્યકરો-આગેવાનો આ સભાઓમાં જોડાશે. પ્રાપ્ત માહિતી મુજબ મોદી ઉપરાંત આવતીકાલે અન્ય નેતાઓ પણ પ્રચાર કરનાર છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ૨૭મીએ વ્યારા, નીઝર, કેન્દ્રીય ગૃહપ્રધાન નિર્મલા સીતારામન જામનગર ખાતે ૨૭મીએ ત્રણ જાહેરસભા સંબોધશે.

૨૭મી નવેમ્બરે જ જે.પી.નડ્ડા પણ ખંભાળિયા, દ્વારકા ખાતે જાહેરસભા યોજશે. શ્રીમતી રૂપા ગાંગુલી ૨૭મી નવેમ્બરે જામજોધપુર ખાતે સભા કરશે. ૨૭મીએ બોટાદ, મહુવા, ગારિયાધાર તો, હુકમનારાયણ યાદવ તા. ૨૭મી નવેમ્બરે દસાડા, ધ્રાંગધ્રા ખાતે, હંસરાજ આહીર તા. ૨૭મીએ માણાવદર, માંગરોળ અને કેશોદ ખાતે જાહેરસભાને સંબોધન કરશે. ભાજપના આ તમામ સ્ટાર પ્રચારકો ગુજરાતની પ્રથમ તબક્કાની ૮૯ વિધાનસભા બેઠકો પર પ્રચાર કરવા તૈયાર કરી ચુક્યા છે.



### રાજ્યમાં નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને આવતીકાલે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીના કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મોદીના કાર્યક્રમને લઈને તમામ સ્થળોએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

- સવારે ૯.૦૦ કલાકે ભુજ (કચ્છ)
- બપોરે ૧૧.૦૦ કલાકે જસદણ (રાજકોટ)
- બપોરે ૧.૦૦ કલાકે ધારી (અમરેલી)
- સાંજે ૩.૦૦ કલાકે કડોદરા (સુરત ગ્રામ્ય)



પરીક્ષાનો ભાર - કેટની પરીક્ષા વિદ્યાર્થીઓએ આજે ગંભીરતાથી આપી હતી... અમદાવાદમાં કેટની પરીક્ષામાં આસપાસના વિસ્તારોમાંથી પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા આવ્યા હતા... ઉચ્ચ કારકિર્દી માટે મહત્વની ગણાતી પરીક્ષા આપવા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ પણ વર્તાતો હતો...

## લેવલીંગ અને પેચવર્ક પુર્ણ કરાયા બાદ સેકટરોના માર્ગોને ફાઈનલ કોટ કરાશે

**સેકટરોમાં માર્ગોની સપાટીનુ કામ આખરી થયા બાદ રહીશોના પ્રશ્નો હલ થઇ જશે**

ગાંધીનગર તા ૨૬

સેકટરોમાં હાલ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. ત્યારે માર્ગો પર વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો અટકાવવા માટે યોગ્ય લેવલીંગ પણ કરવામાં આવી રહયુ છે. સેકટરોના રીંગ રોડ પર માર્ગોની કામગીરીના અનુસંધાને ફાઈનલ વેરીંગ કોટ કરવામાં આવ્યો નથી. રસ્તાની સપાટીનુ કામ પુર્ણ થયા બાદ સ્થાનિકોમાં કોઈ ફરિયાદને અવકાશ નહીં રહે તેમ પણ તંત્રના અધિકારીઓએ જણાંવ્યુ છે. માર્ગ નિર્માણની કામગીરીને અનુલક્ષી ઉચ્ચ અધિકારીઓ દ્વારા સતત ગુણવત્તા સંદર્ભે પણ ચકાસણી કરવામાં આવી રહી છે. જયારે માર્ગ નિર્માણ અન્વયે મટીરીયલ્સનુ પણ લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે.

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પ્રગતિ હેઠળ છે. સેકટરોમાં વર્ષોના અંતે માર્ગોને ચકાચક બનાવવા માટેની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં પેવર બ્લોક તેમજ ખોદકામના લીધે માર્ગો આમ પણ નિચાણમાં ધકેલાઈ ગયા છે. ત્યારે માર્ગોના અસ્તિત્વ સામે જોખમ ઉભુ થયુ છે. ગત ચોમાસા દરમિયાન પણ વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ થયુ હતુ. જયારે માર્ગોના અસ્તિત્વને ટકાવી રાખવા માટે યોગ્ય લેવલીંગ કરવાનુ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન સેકટરોમાં માર્ગો પરથી કાંકરી ઉખડતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે. ત્યારે તંત્રના જણાંવ્યા મુજબ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન ફાઈનલ વેરીંગ કોટ કરવાનુ કામ બાકી છે. સેકટરોના આંતરિક માર્ગોના પેચ વર્કનુ કામ પુર્ણ થયા બાદ માર્ગોની સપાટી પણ યોગ્ય કરી દેવાશે. જેના અંતે માર્ગોની સપાટીને લગતી કોઈ સમસ્યા ઉદભવશે નહીં જયારે માર્ગોને અનુલક્ષી રૂટમાં આવતી ગટર લાઈનના ઢાંકણના લેવલ ઉંચા કરવાનુ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ગમે ત્યાં બમ્પ બનાવવાથી માર્ગ સલામતી જોખમાવાની સાથે પાણી નિકાલમાં પણ અવરોધ ઉભો થાય છે. જેથી સ્થાનિકોને આ પ્રકારનો આગ્રહ ન રાખવા માટે તંત્રએ અપીલ કરી છે.

## રાજ્યભરમાં ટિકિટ ફાળવણી મામલે કોંગ્રેસમાં કકળાટ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસની પૂર્વ સંધ્યાએ બીજા તબક્કાના ૯૩ ઉમેદવારોની સત્તાવાર જાહેરાતને બદલે ફોન પર મેન્ડેટ આપવાની પ્રક્રિયાથી ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં ભારે ભડકો થયો હતો. ઠેર ઠેર રાજીનામાની ધમકીઓ, ઉગ્ર રજુઆતો અને પરિણામ બદલી નાંખવાની ચીમકીઓ આપી હતી. જેને પગલે અમદાવાદના કોંગ્રેસ મુખ્યાલય ખાતે સુરક્ષા બંદોબસ્ત વધારાયો હતો.

રાધનપુરમાં અલ્પેશ ઠાકોરના નામની જાહેરાત થતાની સાથે જ રઘુ દેસાઈ અને તેમના સમર્થકોએ પક્ષ છોડવાની ધમકી આપી હતી. મહેસાણા જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન રેખાબેન ચૌધરીએ અન્યાય થતા પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામા આપ્યા હતા. ખેરાલુમાં ઠાકોર સેનાના રામાજી ઠાકોરને મેન્ડેટ અપાતા પક્ષના જયરાજસિંહ સહિતના આગેવાનોએ રાજીનામાની ધમકી ઉચ્ચારી હતી. બાયડમાં ધવલસિંહ ઝાલાને મેન્ડેટ અપાતા જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ સહિત અનેક આગેવાનોએ વિરોધનો સુર ઉઠાવ્યો હતો

આ ઉપરાંત અમદાવાદમાં બાપુનગરમાં હિંમતસિંહ, દરિયાપુરમાં ગ્યાસુદીન શેખ અને નિકોલમાં સંભવિત ઉમેદવારો સામે કોંગ્રેસી કાર્યકરો સામે ભારે ઉશ્કેરાટ જોવા મળ્યો. બાપુનગર અને દરિયાપુરના વોર્ડ પ્રમુખો તથા યુવક કોંગ્રેસના આગેવાનોએ ઉગ્ર દેખાવો કરી ઉમેદવાર બદલવાની રજુઆત કરી હતી. જ્યારે વડોદરામાં પણ પાંચેય બેઠકમાંથી એકેય બેઠક પર પાટીદારને ટીકીટ ન અપાતા પાટીદારોએ ઉગ્ર દેખાવ કર્યા હતા.

## કરણસિંહ વાઘેલાનું કોંગ્રેસમાંથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૨૬

કોંગ્રેસમાંથી જાણીતા ધારાશાસ્ત્રી કરણસિંહ વાઘેલાએ તમામ હોદ્દાઓ અને પ્રાથમિક સભ્યપદેથી આજે રાજીનામુ આપ્યુ છે.

વાઘેલાએ તેમના રાજીનામાનો પત્ર પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીને મોકલી આપેલ છે. પક્ષ કાર્યકરોની કોઈ લાગણીને ધ્યાને ન લેવાતી હોવાનો રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે તેમની ગાંધીનગર (ઉ) બેઠક માટે દાવેદારી હતી જે ધ્યાને લેવામાં ન આવતાં તેમણે આ રાજીનામુ આપ્યુ છે.

મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રેખાબેન ચૌધરીના રાજીનામા પછી આવતાં કોંગ્રેસમાં ભડકો મોટો થશે તેમ મનાઈ રહ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

bansari
TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
101, First Floor, Haveli Arcade, Sector-11, Gandhinagar. M. : 8871887150

જાહેર આમંત્રણ
પરમ પવિત્ર પુરૂષોત્તમ માસમાં હરિદ્વારની પાવન ભૂમિ પર ગંગા મૈયાના પાવન કિનારે પિતૃ મોક્ષાર્થે સંગીતમય
શ્રીમદ્ ભાગવત્ કથા
યાત્રા પ્રારંભ : તા. ૬-૬-૨૦૧૮ યાત્રા વિરામ : ૧૩-૬-૨૦૧૮
: વક્તા :
શ્રી કન્હૈયાલાલજી મહારાજ
કથા પ્રારંભ : તા. ૭-૬-૨૦૧૮ કથા વિરામ : તા. ૧૩-૬-૨૦૧૮
કથા સ્થળ :- શ્રી પૂર્ણાનંદ આશ્રમ, સંન્યાસ રોડ, કનખલ.
મર્યાદિત સભ્યો લેવાના હોઇ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.
કથાના ખર્ચ પેટે
વ્યક્તિ દીઠ રૂા. ૪,૧૦૦/- અને સિનિયર સીટીઝને રૂા. ૩,૬૦૦/-
તારીખ ૩૦-૧-૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે જમા કરાવી
પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવી લેવાનું રહેશે.
વધુ વિગત માટે રૂબરૂ મળો
સંપર્ક : ૐકાર ગ્રાફીક્સ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના ભોંયરામાં, ૧૭/૨૨, બસસ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર
શ્રી કન્હૈયાલાલ પંડ્યા પ્લોટ નં. ૧૦૧૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭, ૭૭૭૯૦ ૨૮૮૨૧, ૯૮૨૪૦ ૫૯૬૩૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com